# કાળા નાણાં ધરાવતા ભારતીયોની યાદી તૈયાર

નવીદિલ્હી,તા.૨૨

કાળા નાણાને પરત લાવવા માટેની ભારતની ચાલી રહેલી લડાઈને વેગ મળે તેવા એક ઘટનાક્રમમાં સ્વિત્ઝર્લેન્ડની સરકારે હવે એવા ભારતીય લોકોની એક યાદી તૈયાર કરી લીધી છે જેઓ સ્વિસ બેંકમાં સંભવિત રીતે કાળા નાણા ધરાવે છે. ભારત સરકાર સાથે માહિતીની આપલે કરવામાં આવે તેવી શકયતા દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણી દરમિયાન ભારતમાં કાળા નાણાનો મુદો સપાટી ઉપર આવ્યો હતો. નરેન્દ્ર મોદીએ કાળા નાણાને પરત લાવવાની લોકોને ખાતરી આપી હતી. હાલમાં જ કાળા નાણામાં તપાસ કરવા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના પણ કરવામાં આવી હતી. સ્વિસ સરકાર માહિતી આપવા માટે તૈયાર થઈ ગયા બાદ મોદી સરકારની આને જીત તરીકે ગણવામાં આવે છે. બ્લેક મની જમા કરનાર લોકોના નામ સ્વિસ સરકાર આપવાની તૈયારીમાં છે. બ્લેક મની વિદેશમાં જમા કરી રહેલા લોકો માટે નિરાશાજનક સમાચાર છે. સ્વિત્ઝર્લેન્ડે એવા ભારતીયો લોકોની યાદી તૈયાર કરી છે જે લોકો સ્વિસ બેંકમાં કાળા નાણા જમા કરી રહ્યા છે. સ્વિસ સેન્ટ્રલ બેંક તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, સ્વિસ બેંકમાં પૈસા ધરાવનારના મામલામાં ભારત ૫૮માં ક્રમાંક ઉપર છે. આ મામલામાં બ્રિટન ટોપ ઉપર છે. બ્લેક મનીની સામે ભારતની લડાઈમાં આને મોટી સફળતા તરીકે ગણવામાં આવે છે. સ્વિસ સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, દેશમાં ચાલી રહેલી બેંકોમાં મુકવામાં આવેલા નાણાના વાસ્તવિક લાભાર્થીઓને પહોંચાડવા માટે એક તપાસ સંસ્થા કામ કરી રહી છે. ભારતીય વ્યક્તિ અને એકમોના નામ સપાટી ઉપર આવ્યા છે. અધિકારીઓને એવી શંકા છે કે, ગેરકાયદે નાણા હોઈ શકે છે. અધિકારીઓએ હજુ સુધી લોકો દ્વારા જમા કરવામાં આવેલી રકમ અંગે પૂરતી માહિતી આપી નથી. અધિકારીઓએ ગુપ્ત જોગવાઈઓ અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય માહિતીની આપલે સમજૂતિનો ઉલ્લેખ કરીને વધુ વિગત આપી નથી. અધિકારીઓનું કહેવું છે કે, સ્વિસ સરકાર ભારતમાં નવી નરેન્દ્ર મોદી સરકાર સાથે કામ કરવા તૈયાર છે. બ્લેક મની ઉપર કામ કરી રહેલી એસઆઈટીનો પૂર્ણ સહકાર અપાશે. સ્વિસ બેંકોમાં જમા ભારતીય રકમ હજારો અબજ ડોલરમાં છે તેવા અહેવાલને અધિકારીઓએ રદિયો આપ્યો છે. સ્વિસ નેશનલ બેંકના નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, દેશની ૨૮૩ બેંકમાં ગ્રાહકોની કુલ જમા રકમ ૧૬૦૦ અબજ ડોલરની છે. મોદી સરકારે પોતાનો પ્રથમ નિર્ણય કાળા નાણાના મામલામાં જ લેવામાં આવ્યો હતો. એસઆઈટીની રચના કરવામાં આવી ચુકી છે.



**૨૦૨૨ સુધી લાખોને રોજગારી મળી શકશે**

## મોદીના પ્રોજેક્ટ ગિફ્ટથી ૧૦ લાખને રોજગારી મળી શકે છે

નવી દિલ્હી,તા. ૨૨

ગિફ્ટ સિટીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પસંદગીના પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવે છે. ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી (ગિફ્ટ) પ્રોજેક્ટના લીધે ૧૦ લાખ લોકોને રોજગારી મળી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, પ્રોજેક્ટ ગિફ્ટ ૨૦૨૨ સુધી ૧૦ લાખ લોકોને રોજગારી ઉપલબ્ધ કરાવી શકે છે. ગિફ્ટ સિટીનું નિર્માણ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. વૈશ્વિક કંપનીઓને આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. વિશ્વની કંપનીઓને વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓની ઓફર કરીને ભારતની મોટી ફાઈનાન્સિયલ સર્વિસની લાભ લેવા આમંત્રણ અપાઈ રહ્યું છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આના કારણે ૧૦ લાખ લોકોને રોજગારી પણ મળી શકે છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ આ પ્રોજેક્ટના હિસ્સા તરીકે રહ્યા છે. જ્યારે મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે અંગત રીતે તેના ઉપર નજર રાખી રહ્યા હતા. આ પ્રોજેક્ટને આગળ વધારવાની હિલચાલ છે. ગિફ્ટના એમડી અને ગ્રુપ સીઈઓ રમાકાંત ઝાએ કહ્યું છે કે, દેશના અર્થતંત્રને વધુ વિસ્તૃત બનાવવા અને લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા આ પ્રોજેક્ટ સક્ષમ છે. પાન ઈન્ડિયાના આધાર પર ૧૦ લાખ લોકોને રોજગારી મળી શકે છે. ૬૫૦૦૦ કરોડના આ પ્રોજેક્ટને ગ્લોબલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરની જેમ વિકસિત કરવામાં આવી રહ્યો છે. વિકાસના તબક્કાઓને ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવશે. ગિફ્ટ સિટી વિકાસના બે ઘટક ધરાવે છે જેમાં ડોમેસ્ટિક ફાઈનાન્સિયલ સેક્ટર અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસનો સમાવેશ થાય છે. ૮૮૬ એકર જમીનમાં આ પ્રોજેક્ટ વિકસિત કરાયો છે. અતિ આધુનિક ગિફ્ટ સિટીને તમામ પ્રકારની મૂળભૂત શહેરી સુવિધા સાથે જોડવામાં આવશે જેમાં રોડ, મેટ્રો અને બીઆરટીએસ જેવી કનેક્ટીવિટીનો સમાવેશ થાય છે.

## શ્રદ્ધાળુઓને અંતે મોટી રાહત થઈ : હવે ટ્રેન વૈષ્ણો દેવી જશે

**ઉધમપુર-કટારા રેલવે ખંડનુ ઉદ્‌ઘાટન આ મહિનાના અંત સુધી વડાપ્રધાન મોદી, રેલવે મંત્રી દ્વારા કરાય તેવી વકી**

નવી દિલ્હી,તા. ૨૨

વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓને અંતે મોટી રાહત મળી ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ રેલવેને આખરે રેલવે સુરક્ષા પંચ પાસેથી કટરા સુધી ટ્રેન સેવા શરૂ કરવાની મંજૂરી મળી ગઈ છે. માતા વૈષ્ણોદેવીના દર્શન માટે દેશના જુદા જુદા ભાગોમાંથી મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. જેથી તેમને ખુબ મોટી રાહત મળી ગઈ છે. રેલવે બજેટ ૨૦૧૪-૧૫થી પહેલા આ સુચિત રેલવે સેવાની શરૂઆત કરવામાં આવે તેવી શક્યતા છે. ઉધમપુર-કટરાના ૨૫ કિલોમીટર લાંબા રેલવે ખંડનુ આ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે પ્રધાન સંદાનંદ ગૌડા દ્વારા કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે સુરક્ષા પંચ દ્વારા તમામ પાસામાં ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી બાદ હવે મંજૂરી આપી દેવામાં આવી છે. જાણકાર લોકોએ કહ્યુંછે કે સીઆરએસે ૨૭મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે ઉધમપુર-કટરા લાઈનનુ નિરીક્ષણ કર્યુ હતુ. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે રેલવે સુરક્ષા પંચે કેટલાક પગલા લીદા હતા. આ તમામ પ્રશ્નોને દુર કરી લેવામાં આવ્યા બાદ હવે આને જરૂરી મંજૂરી મળી ગઈ છે. કટરા લાઈન કઈ તારીખે ખુલશે તેની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. પરંતુ ટુંક સમયમાં આની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. જો કે એમ માનવામાં આવે છે કે આની શરૂઆત રેલવે બજેટ પહેલા કરવામાં આવી શકે છે. રેલવે વિભાગના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આ લાઈનના શુભારંભની તૈયારી શરૂ થઈ ચુકી છે. મોદી સરકારનુ પ્રથમ બજેટ નવમી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે બજેટ પહેલા જ રેલવે ાયાત્રી ભાડા અને નુરના દુરમાં જંગી અને કમરતોડ વધારો કરવામાં આવી ચુકયો છે. હાલમાં રેલવે યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો કમરતોડ વધારો કરી દેવામાં આવ્યો છે. ઉધમપુર-કટરા રૂટ પર પરિક્ષણરૂપે ટ્રેન દોડાવવામાં આવી ચુકી છે. જમ્મુ-ઉધમપુર વચ્ચે ૫૩ કિલોમીટરની રેલ લાઈન પહેલા ચાલુ છે.



ઉધમપુર-કટરા લાઈન શરૂ કરવામાં આવ્યા બાદ ટ્રેન સીધી રીતે કટરા સુધી જશે. રેલવે મંત્રાલય દ્વારા જમ્મુ મેલ અને સંપર્ક ક્રાન્તિને કટરા સુધી લઈ જવાની વિચારણા કરવામાં ાવી રહી છે. અનેક ઝોનમાંથી કટરા માટે રેલ સેવાની માંગ થઈ રહી છે.

## મોનિકા ગિલે મિસ ઈન્ડિયા વર્લ્ડવાઇડનો તાજ મેળવ્યો

મુંબઈ,તા. ૨૨

મિસ ઈન્ડિયા અમેરિકા મોનિકા ગિલે મિસ ઈન્ડિયા વર્લ્ડ વાઈડ ૨૦૧૪ માટેનો તાજ જીતી લીધો છે. મિસ ઈન્ડિયા સ્વિત્ઝર્લેન્ડ સ્પર્ધામાં બીજા ક્રમાંકે રહી હતી જ્યારે મિસ ઈન્ડિયા બહેરીન ત્રીજા ક્રમાંક ઉપર રહી હતી. દુનિયાભરમાં રહેતી ૧૭થી ૨૭ વર્ષની વયની અપરણિત ભારતીય મૂળની સુંદરીઓ મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ સ્પર્ધામાં જોડાઈ હતી. મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ સ્પર્ધા ૨૦૧૩માં વિજેતા બનેલી નેહલ ભાટિયાએ નવી મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડ મોનિકા ગિલને તાજ પહેરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બ્રિટન, કેનેડા, કેન્યા, ઓમાન, કુવૈત, બહેરીન, સ્વિડન અને નેધરલેન્ડ જેવા દેશોમાંથી સુંદરીઓ ભાગ લેવા માટે અબુધાબી પહોંચી હતી. આજે આ સ્પર્ધાની રોમાચંક આયોજન કરવામાં આવ્યું હતું જેમાં છેલ્લે મોનિકા ગિલે બાજી મારીને મિસ ઈન્ડિયા વર્લ્ડવાઈડનો તાજ જીત્યો હતો.



## મિસાઈલ અને વિમાન નિકાસ માટેની તૈયારી

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ના વડા અવિનાશ ચન્દરે કહ્યું છે કે ભારત યુદ્ધ વિમાનો અને મિસાઈલોની નિકાસ પણ કરી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શસ્ત્ર નિકાસને વધારવા માટેની જરૂરીયાત પર ભાર મુક્યા બાદ ડીઆરડીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારત તમામ રીતે સક્ષમ છે. ડીઆરડીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ચીન જોવા દેશો દ્વારા વેચવામાં આવતા કેટલાક હથિયારો કરતા ઓછી કિંમતે ભારત વેચાણ કરી શકે છે. બારત આવાનાર સમયમાં મિસાઈલ અને યુદ્ધ વિમાનોની નિકાસની દિશામાં આગળ વધશે. ચન્દરે કહ્યું હતું કે શસ્ત્રોની નિકાસ માટે એક નવી વ્યવસ્થા સ્થાપિત કરવાની જરૂર છે. ડિફેન્સ રિસર્ચ એજન્સી દ્વારા સમયસર મિત્ર દેશોને શસ્ત્રોના વેચાણ માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સની દરખાસ્ત કરી છે.

## વ્યાસ હોનારત વધુ ત્રણના મૃતદેહ મળ્યા

મંડી, તા.૨૨

વ્યાસ નદીમાં ડૂબી ગયેલા વિદ્યાર્થીઓને શોધી કાઢવાની પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે. વધુ ત્રણના મૃતદેહ મળી આવ્યા બાદ મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. સ્થાનિક લોકોની મદદ પણ બચાવ કામગીરી માટે લેવામાં આવી રહી છે. એન્જિનિયરિંગના ૨૪ વિદ્યાર્થીઓ સહિત ૨૫ લોકો લાપતા બન્યાના ૧૪ દિવસ બાદ શોધખોળ જારી રહી હતી. આઠમી જૂનના દિવસે હૈદરાબાદથી આવેલા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ તણાઈ ગયા હતા. વધુ ત્રણના મૃતદેહ મળી આવવાની સાથે જ મોતનો આંકડો વધીને ૧૬ ઉપર પહોંચી ગયો છે. જે વિદ્યાર્થીઓના મૃતદેહ મળ્યા છે તેમની ઓળખ થઈ ચુકી છે. ૧૬ મૃતદેહ મળી આવ્યા બાદ ત્રણ વિદ્યાર્થીની અને એક કો-ટુર સહિત નવની શોધખોળ ચાલી રહી છે.

## મે તેરા હિરો ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા મળ્યા બાદ ડેવિડ ધવન આશાવાદી : એક્શન કોમેડી બનાવશે

મુંબઈ,તા. ૨૨

મે તેરા હિરો ફિલ્મ સાથે સફળતા મેળવ્યા બાદ ડેવિડ ધવન પોતાના પુત્ર વરુણને લઈને વધુ એક ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. આ વખતે મોટા બજેટની કોમેડી એક્શન ફિલ્મ બનાવવામાં આવશે. ડેમો ડિસોઝા સાથે વરુણની ફિલ્મ માટેનું શૂટિંગ પૂર્ણ થયા બાદ આ પ્રોજેક્ટ આગળ વધશે. જાણકાર લોકોનું કહેવું છે કે, વરુણ ધવનની કુશળતાથી પિતા ડેવિડ ધવન પણ પ્રભાવિત છે. આજ કારણસર તેને લઈને ફિલ્મ બનાવવાની તૈયારી કરવામાં આવી છે. ૨૦૧૨માં રજૂ થયેલી સ્ટુડન્ટ ઓફ દ યર મારફતે પોતાના કેરિયરની શરૂઆત કરનાર વરુણ ધવન પાસે હાલ ઘણી ફિલ્મો છે જેમાં શ્રીરામ રાઘવનની નામ વગરની ફિલ્મનો સમાવેશ થાય છે. વરુણ ધવનની આવક પ્રતિ ફિલ્મ ૬૦થી ૭૫ લાખની આસપાસની રહેલી છે. રાઘવનની ફિલ્મમાં તેની સાથે નવાઝુદ્દીન સિદ્દીકી અને હુમા કુરેશી પણ કામ કરી રહી છે. આ ઉપરાંત તે રેમો ડિસોઝાની ફિલ્મ માટે હાલમાં અમેરિકામાં શૂટિંગ કરી રહ્યો છે. ડેવિડ ધવનનું કહેવું છે કે, વરુણને લઈને નવી ફિલ્મ બનાવવામાં આવશે. આ ફિલ્મમાં અન્ય કલાકારોના સંદર્ભમાં કોઈ માહિતી આપવામાં આવી નથી પરંતુ ટૂંક સમયમાં જ કલાકારોની જાહેરાત કરવામાં આવનાર છે. પિતા-પુત્રની જોડીની ફિલ્મ મે તેરા હિરોને બોક્સ ઓફિસ પર સારી સફળતા મળી હતી, તેના સંગીત અને ગીતોને લોકોએ પસંદ કર્યા બાદ હવે એક્શન ફિલ્મ બનાવવામાં આવશે. મે તેરા હિરો ફિલ્મમાં વરુણ ધવન ઈલિયાના અને નરગીસ સાથે ચમક્યો હતો. પરંતુ આ ફિલ્મમાં તેની સાથે કોઈ નવી અભિનેત્રીને લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વરુણ ધવન પોતે પણ પોતાની ફિલ્મને લઈને આશાવાદી છે. તેનું કહેવું છે કે, ડેવિડ ધવન શૂટિંગને લઈને તથા રોલને લઈને ક્યારે પણ બાંધછોડ કરતા નથી. શિસ્તમાં તેઓ ખાસ વિશ્વાસ રાખે છે. આજ કારણસર ડેવિડ ધવન મોટા ફિલ્મ નિર્માતા બન્યા છે.



## નેધરલેન્ડ અને ચિલી વચ્ચે આજે રોમાંચક જંગ ખેલાશે

રિયો ડી જિનેરિયો,તા. ૨૨

વર્લ્ડ કપ ફુટબોલમાં આવતીકાલે ચાહકોને ભારે મજા પડી જશે. કારણ કે કુલ ચાર મેચો રમાનાર છે. જો કે તમામની નજર વર્તમાન વર્લ્ડ કપ ચેમ્પિયન સ્પેનને કારમી રીતે ાહાર આપનાર નેધરલેન્ડ અને ચિલી વચ્ચેની મેચ પર રહેશે. આ બન્ને ટીમો સ્પેનને હરાવી ચુકી છે. જેથી તેમના ખેલાડીઓનો નૈતિક જુસ્સો ખુબ વધી ગયો છે. ગ્રુપ જીમાં પોર્ટુગલ અને અમેરિકા વચ્ચે રોમાંચક મેચ રમાશે. જર્મની સામે કારમી હાર થયા બાદ પોર્ટુગલ આવતીકાલની મેચ જીતીને તેની આશા જીવંત રાખવા પ્રયાસ કરશે. જ્યારે અમેરિકા પણ પોતાના દેખાવને સુધારવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. જો કે સ્પેન અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચ ઔપચારિકતા સમાન રહેશે. કારણ કે સ્પેન તેની બન્ને પ્રાથમિક મેચ હારીને બહાર થઈ ગયું છે. જો કે સ્ટાર ખેલાડીઓથી ભરચક આ ટીમ છેલ્લી મેચ ઉંચા અંતરથી જીતીને તેના ચાહકોને કેટલાક અંશે રાજી કરવા પ્રયાસ કરશે. આવતીકાલે રમાનારી મેચમાં કરોડો ફુટબોલ ચાહકોની નજર રોનાલ્ડો પર કેન્દ્રિત રહેશે. રોનાલ્ડો જર્મની સામે પ્રથમ મેચમાં ફલોપ રહ્યો હતો. પરંતુ આવતીકાલે તેની કુશળતા સાબિત કરે તેવી શક્યતા છે. તમામ મેચો કુબ રોમાંચક રહેશે. પોર્ટુગલ અને અમેરિકા વચ્ચેની મેચનુ પ્રસારણ રાત્રે ૩-૩૦ વાગ્યાથી સોની સિક્સ પરથી કરવામાં આવશે. નેધરલેન્ડ અને ચિલી વચ્ચેની મેચ રાત્રે ૯-૩૦ વાગ્યા રમાશે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. તમામ મેચોના પરિણામની અન્ય પર અસર થશે

## સમાચાર ઝલક

- ખેડૂતો માટે નવી પાક યોજના બનાવાશે.
- બિહાર-બંગાળ-ઓરિસ્સામાં તાવ અંગે રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો.
- દક્ષિણ ગુજરાતમાં ૩ પોઈન્ટનો ભૂકંપ.
- અમેરિકન લશ્કર ઈરાકમાં યુદ્ધ લડવા જશે નહિ-ઓબામા
- મુંબઈની ચર્ચાસ્પદ કેમ્પા કોલા સોસાયટીના રહીશો સામે ફરિયાદ નોંધાઈ.
- એફ.ડી.આઈ. માટેની ભલામણોનો અહેવાલ સોંપાયો : નિયમો સરળ બનશે.
- ઉજ્જૈનમાં ઉમા ભારતી સામે કાળા વાવટાથી દેખાવો થયા.
- અફઘાનિસ્તાનમાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ગેરરીતિ માટે મોટા પ્રમાણમાં દેખાવો યોજાયા.
- ઉત્તરપ્રદેશમાં પ્રિ. મેડીકલની પરીક્ષાનું પેપર ફૂટતા પરીક્ષા રદ કરાઈ.
- અડાલજ હાઈવે પર ઉઘરાણી બાબતે પોલીસ ટોળકી ઝડપાઈ. ચોપાનીયું ચલાવતા કર્મચારીગણ સામેલ છે.
- મુખ્યમંત્રી માટે નવું ૧૦૦ કરોડનું વિમાન ખરીદાશે.
- ગુજરાત યુનિ.માં પ્રવેશ પધ્ધતિમાં ભારે હાલાકી. વિદ્યાર્થી-વાલીઓમાં રોષ.
- જુન મહિનાનો સરેરાશ વરસાદ સામે ૪૫ ટકાથી ઓછો છે.
- તા. ૨૪મીથી અમદાવાદ એ.એમ.ટી.એસ. નવા બસ રૂટ શરૂ કરશે.
- આજે વિશ્વ ઊંટ દિવસ ઉજવવામાં આવ્યો.
- થરાદ વિસ્તારમાં એક જ વિસ્તારમાં ૬ મંદિરોમાં ચોરી.
- અમદાવાદમાં છેલ્લા પખવાડિયામાં ૮૭ યુવક-યુવતીઓ ગુમ. પોલીસ-વાલીઓ વિમાસણમાં.
- ઈરાકની પરિસ્થિતિમાં ફસાયેલ ભારતીયો માટે ૨૪ કલાક કંટ્રોલ રૂમ શરૂ. ૭૦-૮૦ ફરિયાદો આવે છે.
- પાલીતાણામાં અહિંસા જીવદયા માટે ૨૦૦ સાધુ-સંતો-કાર્યકરોએ અનશન શરૂ કર્યા છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

'અરમાન' ની બીજી સંવર્ધિત આવૃત્તિ વેળાએ ઋણસ્વીકારની સરવાણી વહાવતાં વહાવતાં કવિ પોતાના કાવ્ય સર્જનની સૌ પ્રથમ શ્રોતા જીવન સંગિનીને પણ વિસર્યા નથી.

'અરમાન' કાવ્ય સંગ્રહની આ આવૃત્તિમાં ૬૮ રચનાઓ આપણને મળે છે. તેમાંથી પસાર થતાં મને ગમેલી થોડીક કાવ્ય પંક્તિઓ જે તમને પણ જરૂરથી ગમશે. લ્યો, ત્યારે આ રહીં.

નથી ઝાઝાં કરવા તીરથ-જાપ મારે
વીતે બસ જીવન આ સૃકૃત્યો સહારે

●●●

કાલને શું કામ કહેવું ! ભલા તું રોકાઇ જા,
કવન મારાં કરશે જાદૂ એવી હા? ગુંજાશ છે,

●●●

કોઇ ઘા કરી ગયા છે, મને ખ્યાલ પણ નથી,
ખુદના ફરી ગાય છે, મને ખ્યાલ પણ નથી,
વિશ્વાસને ભરોસો, કરું કોના કેટલાં ?
સહું છેતરી ગયા છે, મને ખ્યાલ પણ નથી,

●●●

એક સૂરજ નુંય જો રજકણ મળે,
યાદની હુંફાળવી જો ક્ષણ મળે,
ઝંખનાનાં રણ પછી મ્હોરી ઉઠે,
ચૂગવા થોડીક પણ જો ચણ મળે.

●●●

રૂડી અસ્મિતાનું જતન કરવું પડશે,
ઘરોઘર છે રાવણ, દહન કરવું પડશે,
વસી છે બુરાઇ જુઓ રોમ રોમે,
અડગ નિશ્ચયોથી દફન કરવું પડશે.

●●●

પાળિયો થઇ લાગણી ખોડી દીધી,
કોઇ રેખા હસ્તની જોડી દીધી,
બે જ પગલામાં ગઝલ ડૂકી ગઇ,
તે નિરાશાને અહીં ચોડી દીધી.

●●●

નિરંતર વેદના સંસારની જીરવી રહ્યો છું,
મને તો વેદના સંસારનો એક સાર લાગે છે !

"અરમાન" કાવ્ય સંગ્રહમાં કવિ 'ઉર્મિલ' ગાંધીનગરના જાણીતા કવિ, સામાજિક કાર્યકર, 'પાટનગર પ્રકાશ' સાપ્તાહિકનાં તંત્રી તેમજ અનેક સંસ્થાઓ સાથે ઘરોબો ધરાવતા, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ તરીકે હાલમાં સેવારત છે. તેમની રચનાઓ યુ-ટ્યુબ પર ગુર્જરવાણીમાં જોઇ શકાય છે. ઉપરાંત ડી.ડી. ગીરનારમાં તાજેતરમાં 'કવિ કહે' કાર્યક્રમમાં પ્રસારિત થઇ હતી. કવિનો એક બીજો કાવ્યસંગ્રહ 'ઉદ્‌ગાર ઊર્મિલ'નાપણ પ્રગટ થયેલો છે.

"અરમાન" કાવ્યસંગ્રહની બીજી સંવર્ધિત આવૃત્તિનું વિમોચન પૂ. મોરારી બાપુના હસ્તે કાગધામ ખાતે થયું હતું. તે પ્રસંગે બાબુભાઇ કાગ, ઓમકારસિંહ લખાવત અને બળવંત જાની ઉપસ્થિત રહ્યા હતા. દ્વીજ સંસ્કાર પામેલા કવિના આ કાવ્ય સંગ્રહને હૃદય પૂર્વક આવકારી કવિને અભિનંદન પાઠવું છું.

અરમાન (કાવ્ય સંગ્રહ)
લેખક - ભરત કવિ 'ઊર્મિલ'
પ્રકાશક - રન્નાદે પ્રકાશન
૫૮-૨ બીજે માળ, જૈન દેરાસર સામે,
ગાંધી રોડ, અમદાવાદ
પૃષ્ઠ - ૬૮, કિંમત રૂા. ૯૫.૦૦
દ્વિતીય સંવર્ધિત આવૃત્તિ - ૨૦૧૩

### મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

ઘણાય તો ગાઈડમાંથી જ સીધા જવાબો લખાવી દેતા હોય છે અને આજે આવી ગાઈડોની પ્રામાણિકતા કેટલી ? કોઈ નવલકથાના લેખકને એમની જ નવલકથાની 'ગાઈડ' વાંચવા આપવી જોઈએ તો જ સાચી ખબર પડશે કે ગાઈડમાં કેટલા ખોટા અર્થઘટનો છે.

આજે ઉચ્ચ શિક્ષણનું અવમૂલ્યન થવાના ઘણા કારણો છે. પરીક્ષા પદ્ધતિના અનેક પ્રશ્નો, અધ્યાપકોની સજ્જતા અને નિષ્ઠાના પ્રશ્નો, પસંદ થતા અભ્યાસક્રમનું સાહિત્યિક મૂલ્ય-ઉપયોગિતા અને સક્ષમતા વિશેના પ્રશ્નો પણ જવાબદાર છે.

એમ.ફિલ અને પીએચ.ડી.માં પણ આ જ દશા છે. હું તો માનું છું કે પીએચ.ડી.ના ગાઈડ બનવાની એકેડેમિક લાયકાત દૂર કરીને પાંચ સાહિત્યિક પુસ્તકનું પ્રકાશન, શબ્દસૃષ્ટિ અને પરબમાં વિવેચનના દસ-દસ લેખો પ્રસિદ્ધ થાય એને જ ગાઈડ તરીકે માન્યતા આપવી જોઈએ અને પીએચ.ડી. કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને પણ શબ્દસૃષ્ટિ કે પરબ બેમાંથી એકમાં સાહિત્યિક વિવેચન લેખ પ્રસિદ્ધ થયા પછી જ પીએચ.ડી.નું રજીસ્ટ્રેશન કરવા દેવું જોઈએ. કેમકે આજે થતા પીએચ.ડી. સંદર્ભના થિસિસ અને લેવાતા 'વાઈવાટેસ્ટ' પણ અનેક પ્રશ્નો ઊભા કરે છે. આજે પહેલા ધોરણના એડમિશન વખતે લેવાતા બાળકના ઈન્ટરવ્યૂ કરતાં પણ પીએચ.ડી.નો 'વાઈવાટેસ્ટ' સહેલો, સરળ અને ઘરેલું બની ગયો છે જેના કારણે આવી ઉચ્ચત્તમ ડિગ્રીનું ગૌરવ સાવ હણાઈ ગયું છે.

આમ આવા બધા કારણોને લીધે ઉચ્ચ શિક્ષણની આજની વ્યવસ્થા પણ ફેરવિચારણા માગી લે છે. સૌ પ્રથમ 'શિક્ષણ'ની વ્યાખ્યા-અર્થ-વિભાવના સ્પષ્ટ કરીને એને સાચો અર્થ સમજી એનું નવું માળખું બનાવી એનો વ્યાવસાયિક હેતું સરે એ રીતે એને ગોઠવવામાં આવે તો આપણો દેશ શિક્ષણપ્રધાન દેશ બનાવવામાં જરાય વાર નહીં લાગે ! વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધ્યાપકો, અધિકારીઓ, નેતાઓ અને વાલીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરે તો આવતા પાંચ-દસ વર્ષમાં દેશની પ્રગતિ અને સમૃદ્ધિ શિખર પર હશે.